ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૬ ટકા

# નવરાત્રિમાં ટેટ્ટુ ચિતરાવાનો ક્રેઝ વધ્યો

## યુવતિઓમાં ઓન બેક, લો-બેક, લો-વેસ્ટ, ટેટ્ટુનો ક્રેઝ : યુવાનોમાં બાઈશેપ્સ, ચેસ્ટ કે નેક પરના ટેટ્ટુનો ક્રેઝ : ટેમ્પરરી ટેટ્ટુ માટે રૂ. ૫૦૦થી લઈને રૂ. ૫ હજારનું બજેટ ફાળવતા ખેલૈયાઓ


ગાંધીનગર, તા.૧૯

'હૈયે રાખી હામ માટે ચિતરાવવું છે નામ, હાલને મેળે જઈએ..' અસલ તળપદી ભાષામાં ગવાતો આ ગરબો પહેલાના જમાનમાં વાર તહેવારે હાથે, પગે, ડોક પર કે ચહેરા પર છુંદણા ત્રોફાવવાનું ચલણ હતું તે દર્શાવે છે. આ જ છુંદણા આજના યુગમાં ટેટ્ટુના સ્વરૂપે નવી પેઢીમાં પ્રચલિત અને લોકપ્રિય બન્યા છે. નવરાત્રિ જેવા ગુજરાતના પરંપરાગત અને ભાતીગળ તહેવાર નવરાત્રિમાં યુવા ખેલૈયાઓમાં વિવિધ ટેટ્ટુઝ ચિતરાવવાનો ક્રેઝ જોવા મળે છે જેના માટે રૂ. ૫૦૦થી લઈને રૂ. ૫ હજાર સુધી ખર્ચતા તેઓ અચકાતા નથી.

નવરાત્રિમાં યુવતિઓમાં બેકલેસ ચોલી સૌથી હોટ ફેવરિટ છે અને આ ચોલી ધારણ કર્યા બાદ બેક પર ટેટ્ટુઝ એક અનેરી શોભા ઉભી કરે છે. યુવતિને ધ્યાનાકર્ષક બનાવે છે. એટલા માટે બેક પર વિશાળ ટેટ્ટુઝ કરાવવાનો ક્રેઝ જોવા મળે છે. પીઠ ઉપર કરવામાં આવતા ટેટ્ટુઝમાં મા જગદંબાનું ચિત્ર, રાસ રમતા ખેલૈયા કે રાધા-કૃષ્ણ અથવા 'નવરાત્રિ-૨૦૧૭' એવું કલાત્મક રીતે કરાયેલું લખાણ સૌથી વધુ પસંદગી પામે છે. જયારે હાથ કે ડોક પર કે કમર અથવા લૉ બેક પર ત્રિશુળ, ઓમ, દાંડિયા, સ્વસ્તિક, દિવડા કે શ્રીયંત્ર જેવા ધાર્મિક શુત્ર ચિહ્નો પણ ઈન-ડિમાન્ડ છે. યુવકોમાં પણ ટેટ્ટુઝનુ ઘેલું ખૂબ જોવા મળે છે. જેમાં બાવડાં પર શિવજી કે મોર પિચ્છવાળા કૃષ્ણનો ચહેરો અથવા માતાજીનો ચહેરો ચિતરાવવાનું પસંદ કરાય છે. આ સિવાય વિવિધ ડિઝાઈનર ટેટ્ટુઝ પણ બોડી પર વિવિધ જગ્યાએ કરાવતા યુવાનો જોવા મળે છે. યુવતિઓમાં આજકાલ લૉ-વેસ્ટ ચણિયાચોળીની ફેશ ઈન ડીમાન્ડ છે તેથી કમર અને લૉ બેક પરના ટેટ્ટુનું ચલણ વધવા પામ્યું છે. યુવાનોમાં આદિવાસી સંસ્કૃતિની ડિઝાઈન્સની પણ ખૂબ માંગ જોવા મળે છે.

### 'પેઈનલેસ' ટેમ્પરરી ટેટ્ટુઝ ઈન-ડિમાન્ડ

ટેટ્ટુઝ બે પ્રકારના હોય છે પરમેનેન્ટ અને ટેમ્પરરી. નવરાત્રિમાં ટેમ્પરરી ટેટ્ટુઝ કરાવવાનું પસંદ કરાય છે જે માત્ર ઈન્કથી થતા હોવાથી 'પેઈનલેસ' હોય છે. વળી, તે મલ્ટીકલરમાં થઈ શકે છે તેથી ઈચ્છિત ચિત્ર આબેહૂબ ઉપસાવી શકાય છે. આ ટેટ્ટુઝ ૧૦ થી ૧૨ દિવસ રહે છે. ગાંધીનગરમાં ટેટ્ટુઝ બનાવતા આર્ટિસ્ટો માંડ પાંચેક છે. ટેટ્ટુઝનો ભાવ સ્કવેયર ઈંચના હિસાબે હોય છે. જેમાં ૧૦ મિનિટથી લઈ ૪ થી ૫ કલાક સુધીનો સમય ટેટ્ટુઝ મુજબ લાગી શકે છે.







### વડિલોમાં પણ ક્રેઝ ચાલુ થયો

ગાંધીનગરમાં ૧૦ વર્ષથી માંડીને ૪૦ વર્ષ સુધીના વય જુથમાં ટેટ્ટુઝનો ક્રેઝ સૌથી વધુ જોવા મળે છે. જો કે કેટલાક વડિલ ખેલૈયા પણ હવે ટેટ્ટુ કરાવવા આવે છે. ટેમ્પરરી ટેટ્ટુઝમાં હાઈજેનિક ઈન્ક વપરાય છે. જેની કોઈ સાઈડ ઈફેકટ હોતી નથી. રોજના વીસેક ખેલૈયા ટેટ્ટુ કરાવવા આવે છે.

**- ભાર્ગવ, ટેટ્ટુ આર્ટિસ્ટ**
**કમીને પરિંદે ટેટ્ટુઝ**

## લેઉવા પાટીદાર આદર્શ કેળવણી મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

શ્રી લેઉવા પાટીદાર આદર્શ કેળવણી મંડળ સમાજના સર્વે કુટુંબીજનોને જણાવે છે કે આગામી તા. ૨૪-૯-૨૦૧૭ને રવિવારે બપોરના ૩.૦૦ કલાકે સે-૧૫ આઈટીઆઈ પાછળ સંસ્થા સંચાલિત વિઠ્ઠલભાઈ દેસાઈભાઈ પટેલ છાત્રાલય ખાતે સમાજના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ સમાજના વિશિષ્ટ વ્યકિતઓનો સન્માન સમારંભ કાર્યક્રમ યોજવામાં આવેલ છે તો સર્વેને હાજર રહેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## ડાક અદાલતમાં શહેર વસાહત મહામંડળની પરિણામલક્ષી રજૂઆત

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ડાક ડીવીઝન દ્વારા ડાક અદાલત યોજવામાં આવી હતી. જેમાં પોસ્ટના આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ બી.કે. વ્યાસ તથા પી.એન. મારુ દ્વારા ગ્રાહકો અને સંસ્થાઓની ફરિયાદો સાંભળવામાં આવી હતી. આ ડાક અદાલતમાં શહેર વસાહત મહામંડળ દ્વારા પરિણામલક્ષી કાર્યો થાય તેવી સઘન રજૂઆતો કરાઈ હતી.

ડાક અદાલતમાં સે-૨૨ની જીર્ણ થયેલ ટપાલ પેટી બદલવાનું મંજુર કરાવવા સાથે હેડ પોસ્ટ ઓફિસમાં સીસીટીવી કેમેરા મુકાવવા તથા સે-૩-એ અને સે-૩ન્યુ માટે સબ પોસ્ટ ઓફિસ અથવા ફ્રેન્ચાઈઝી આપવા અસરકારક રજુઆત કરાઈ હતી. આ સાથે શહેરમાં જયાં પણ પોસ્ટ વિભાગ પાસે જમીન પ્લોટ છે ત્યાં પોતીકુ મકાન બાંધવા પણ વડી કચેરીમાં દરખાસ્ત મુકવા વિનંતી કરાઈ હતી. આજની ડાક અદાલતમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ સહિત મયુર વ્યાસ, કિશોર જીકાદરા, નિલેન્દુ વોરા, સુધીર દેસાઈ, જયેશ આદિયા વગેરેએ અસરકારક રજુઆતો કરી હતી. આ રજુઆતોના અંતે કોર બેકિંગ પધ્ધતિ લાગુ કરવાનો નિર્ણય લેવા સાથે વિવિધ સમસ્યાઓની પરિણામલક્ષી રજુઆત થવા પામી હતી.



**સ્વચ્છતા અભિયાનમાં ડસ્ટબીન તો ખાલી કરો...!!**

ગાંધીનગરમાં છેલ્લા દસેક દિવસથી નવા સેકટરોમાં કચરાના નિકાલ બાબતની સમસ્યાએ વસાહતીઓને પરેશાન કરી મુકયા છે. સેકટર-૩ તથા આસપાસના વિસ્તારોમાં આશરે એકાદ સપ્તાહે આજે કચરો ઉઘરાવાયો છે જયારે બીજી તરફ સેકટરોમાં જાહેર માર્ગોની આસપાસ મુકવામાં આવેલી કચરાપેટીઓ ઉભરાવા છતાં ખાલી ના કરાતા સ્વચ્છતાને બદલે ગંદકીનો માહોલ ફેલાવા પામી રહ્યો છે. જેના કારણે વસાહતીઓમાં રોગચાળો ફેલાવાનો ભય વ્યકત કરવામાં આવી રહ્યો છે. તંત્રની ઘરે ઘરેથી કચરો ઉઘરાવવાની વાતો હવે પોકળ સાબિત થઈ રહી હોવાનું પ્રતિત થઈ રહ્યું છે ત્યારે મોટા ઉપાડે સ્વચ્છતા અભિયાન ઉજવતા નેતાઓ વાસ્તવિકતા સામે આંખ આડા કાન કરી રહ્યા હોવાની લાગણી સાથે શહેરીજનોમાં રોષની લાગણી પ્રવર્તી રહેલી જોવા મળી રહી છે.

## એલસીબીએ ખોરજાપરા ગામમાં દરોડો પાડી ઝાડીઓમાંથી વિદેશી દારૂની ૧૧ બોટલ પકડી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની સુચનાથી તેમની ટીમ કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે પલસાણા રોડ પર ખોરજા પરા ગામ તરફ જતા રોડ ઉપર જોગણી માતાના મંદિર પાસે બાવળની ઝાડીઓમાં બુટલેગર જોબ્બર વિદેશી દારૂનો વેપલો કરે છે તેને આધારે એલસીબીની ટીમે દરોડો પાડી ચેકીંગ કર્યું હતું. બાવળની ઝાડીઓમાંથી રૂ. ૫ હજારની કિંમતની ૧૧ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જો કે જોબ્બર ભાગી ગયો હતો. ઠાકોર અરવિંદ ઉર્ફે જોબ્બર શકરાજી સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરવામાં આવી છે.

## પ્રેરણા પ્રગતિ મંડળ અને ગુજરાત વાળંદ સમાજ દ્વારા લિમ્બચ ધામ ખાતે નવરાત્રી

ગાંધીનગર, તા.૧૯

પ્રેરણા પ્રગતિ મંડળ અને ગુજરાત નાયી વાળંદ સમાજ દ્વારા લિમ્બચ ધામ સેકટર-૧૩ ખાતે નવરાત્રી રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૧-૯-૨૦૧૭ના સવારે ૧૦.૩૦ કલાકે કુંભ સ્થાપન વર્ષાબેન બાબુલાલ પારેખ અડાલજ દ્વારા કરવામાં આવશે અને તા. ૨૧-૯-૨૦૧૭ થી ૨૯-૯-૨૦૧૭ દરમિયાન રાત્રે ૯ થી ૧૨ કલાક સુધી રાસ ગરબા કાર્યક્રમ યોજાશે. તા. ૨૯-૯-૨૦૧૭ના રોજ નવચંડી યજ્ઞ કરાશે નવરાત્રિ દરમિયાન દર્શનાર્થીઓને પધારવા ટ્રસ્ટી ભરતભાઈએ જણાવ્યું છે.

## પેથાપુર સરકારી દવાખાનામાં ડોક્ટરની રાહ જોતા ગ્રામજનો

ગાંધીનગર, તા.૧૯

રાજયના પાટનગરથી વિકાસની વાતો થાય છે. ત્યાંથી માત્ર પાંચ મીનીટના અંતરે આવેલ પેથાપુર ગામમાં સરકારી દવાખાનું તો છે પરંતુ ડોકટર નથી. આ દવાખાનામાં ડોક્ટર કયારે આવશે તેની રાહ ગ્રામજનો જોઈ રહ્યા છે. ૨૭ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામમાં આરોગ્યલક્ષી સુવિધા ન હોવાથી ગ્રામજનોને ભારે પરેશાની ભોગવવી પડે છે. ગ્રામજનો દ્વારા તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હોવા છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી.

પેથાપુર ગ્રામ્ય અને શહેરી બંન્ને પ્રકારની વ્યવસ્થાવાળુ નગર હોવાથી આસપાસના ૧૦ ગામના ગ્રામજનો પેથાપુર સારવાર માટે આવે છે. નાગરીકો મોટાભાગના સામાન્ય પરિવારમાંથી આવે છે. ગામમાં ૧૦૦ વર્ષ જુનુ દવાખાનું આવેલુ છે, છતા અહી ડોકટર તંત્ર દ્વારા મુકવામાં આવ્યા નથી. રાજયના પાટનગરથી આરોગ્યલક્ષી વિવિધ યોજનાનો પ્રારંભ થાય છે. છેવાડાના માનવીને આરોગ્યલક્ષી સારવાર મળી રહે તે માટે આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ રાત દિવસ ઉજાગરા કરી રહ્યા છે ત્યારે શહેરથી માત્ર પાંચ મિનિટના અંતરે આવેલ પેથાપુર ગામમાં જ હજ્જારો નાગરીકો વસવાટ કરતા હોવા છતા આરોગ્યલક્ષી સેવા ઉપલબ્ધ ન હોવાથી નાગરીકો નારાજ થયા છે. સરકારી દવાખાનામાં ડોકટર માટે અનેકવાર રજુઆત કરાઈ છે પરંતુ ડોકટર ન હોવાથી સામાન્ય પરિવારના નાગરીકોને પ્રાઈવેટ કલીનીકમાં સારવાર માટે જવુ પડે છે જેને પગલે સારવારનો ખર્ચ પણ વધી જાય છે. કારમી મોંઘવારીમાં ગરીબ પ્રજા પીંસાઈ રહી છે. ત્યારે પેથાપુરનું સરકારી દવાખાનું બંધ હોવાથી પડ્યા પર પાટું માર્યા જેવો હાલ નાગરીકોનો છે. પેથાપુરના ગ્રામજનોને ત્રણેય સિઝનમાં દર્દીઓને લઈને શહેરની સિવિલમાં સારવાર માટે જવુ પડે છે. જેથી પેથાપુરમાં આવેલ ૧૦૦ વર્ષ જુનુ સરકારી દવાખાનું કાર્યરત થાય તેની મીટ માંડીને ગ્રામજનો બેઠા છે.




ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં મહાત્મા મંદિરના ઓડિટોરીયમ ખાતે આયોજિત દ્વિતિય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ઓફ બુધ્ધીસ્ટ હેરિટેજ ઈન ગુજરાતમાં બૌધ્ધ લામાને પરમાત્માના દિવ્ય અવતરણની માહિતી અને સંસ્થાનો પરિચય આપ્યા બાદ સામુહિક ફોટોમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સે-૨૮, ગાંધીનગરના સંચાલિકા રાજયોગિની કૈલાશદીદી તથા બ્રહ્માકુમારીના પ્રતિનિધિઓ નજરે પડે છે.

## લાંચ માંગતી ઓડીયો ટેપ પ્રકરણમાં મહિલા પીએસઆઈની બદલી

**ગાંધીનગરના કલોલમાંથી આણંદ જિલ્લામાં બદલી**

ગાંધીનગર, તા.૧૯

જિલ્લાના કલોલ પોલિસ સ્ટેશનના મહિલા પીએસઆઈની ઓડીયો ટેપ સોશ્યલ મીડીયામાં ફરતી થતા ચકચાર મચી જવા પામી છે. આ ઓડીયો ટેપ લાઈન બોય પાસે લાંચ માંગતી ટેપ છે. પાંચ થી છ ઓડીયો ટેપ વાયરલ થઈ છે. આ કેસમાં એસીબી ટ્રેપ પહેલા માહિતી લીક થઈ જતા ટ્રેપ નિષ્ફળ થઈ હોવાના દાવા થઈ રહ્યા છે ત્યારે આ મહિલા પીએસઆઈની ગાંધીનગર જિલ્લાના કલોલ પોલિસ સ્ટેશનમાંથી આણંદ જિલ્લામાં બદલી થઈ જવા પામી હોવાનું જાણવા મળ્યું છે.

### આઈ લવ માય ગાંધીનગર



**ફિરોઝ શેખ**
**ડીવાયએસપી**

**ગાંધીનગર ગમે**

વાતાવરણની સુંદરતા, શહેરની સુંદરતા અને શહેરનાં લોકોનાં મનની સુંદરતાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સેવાભાવી અને પારકાંને પોતાનાં કરીને રાખે એવાં સ્નેહાળ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં થતી સાંસ્કૃતિક અને સેવાની પ્રવૃત્તિઓ મને સૌથી વધુ ગમે છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ, મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર એસોસિએશન, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, આર્ષ-અક્ષરધામ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, જાહેર શિસ્ત અને કલા સંવર્ધન માટે યોગ્ય તાલીમ, વાતાવરણ જેવી બાબતોમાં વિકાસ જરૂરી જણાય છે.

**નગર માટે હું કરી શકું**

સેવા અને કલાના ક્ષેત્રમાં મારી સઘળા પ્રકારની સહાય પૂરી પાડવા માટે હું તત્પર છું.

# નવરાત્રીના પૂજન-અર્ચનની સામગ્રી માટે દોડધામ

## પૂજાપો, ફુલ, ફળફળાદી, વસ્ત્રો, આભુષણો, ઈલેકટ્રીક સામાન અને મીઠાઈની દુકાનોએ ભારે ભીડ, મંડપ ડેકોરેશનવાળા પણ વ્યસ્ત

ગાંધીનગર, તા.૧૯

જગત જનની માં જગદંબાના મહાપર્વ નવરાત્રીનો ગુરુવારથી રંગેચંગે પ્રારંભ થઈ રહ્યો છે. માં આદ્યશકિતની આરાધના, ઉપાસના અને સાધના કરવાનું આ શ્રેષ્ઠ પર્વ દેવોએ પણ કર્યું હતું. જેથી શ્રધ્ધાળુઓએ માં ની અસીમકૃપા પ્રાપ્ત કરવા નવરાત્રી પર્વની તૈયારીઓ આરંભી દીધી છે. જેમાં આદ્યશકિતને નવ દિવસ સુધી વિનવવા માટે સ્થાપક સ્થળને સુશોભિત કરી દઈ આભુષણો, વસ્ત્રો, પુજાપો, ફુલહાર સહિતની સામગ્રી માટે બજારમાં દોડધામ શરુ કરી દીધી છે. નવરાત્રી પર્વ દરમિયાન મેદાનો અને ચોકમાં થતા ગરબા મહોત્સવની પણ તડામાર તૈયારીઓ આખરી તબક્કામાં પહોંચી ગઈ છે. ખેલૈયાઓ પણ ગરબે ઘુમવા થનગની રહ્યા છે. આમ નવરાત્રી પર્વને લઈને સૌ કોઈ હરખ પદુડા બન્યા છે.

આસો સુદ એકમનો ગુરુવારના રોજથી શારદીય નવરાત્રીનો મંગલ પ્રારંભ થશે. માં ભગવતીના આ દિવ્ય પર્વના પડઘમ નગરમાં સંભળાઈ રહ્યા છે. શકિત-ભકિત અને આરાધનાના આ પર્વમાં ભકતો ગળાડુબ બની માતાજીના પૂજન અર્ચનની વિશેષ



તૈયારીઓ કરી રહ્યા છે. ઘેર ઘેર મંદિરની સાફ સફાઈ, નગરના મંદિરો તથા મેદાનો અને શેરી ગરબા અંગેની સાજ-સજાવટોને આખરી ઓપ અપાઈ રહ્યો છે. નવ દિવસના માતાજીના નવ સ્વરૂપોને નિત્ય નવા વસ્ત્રો, અલંકારો, આભુષણો, પ્રસાદ તેમજ પૂજન-અર્ચન માટે પૂજાપા બજાર, ફુલબજાર, વસ્ત્રબજાર, ઈલેકટ્રીક બજાર અને જવેલર્સના ત્યાં શ્રધ્ધાળુઓ હાલ મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. જેમાં મંડપ ડેકોરેશનની વ્યવસ્થા પણ હાલ થઈ રહી છે.

માતાજીના વિવિધ સ્વરૂપો પૈકી સ્થાપન અર્થે મૂર્તિ કે ફોટો, અગરબત્તી, આસન માટે શ્રેષ્ઠ સિંહાસન અને સ્થાપિત જગ્યા સુગંધથી તરબોળ રહે તે માટે અત્તરની પણ વ્યવસ્થા થઈ રહી છે. નવ દિવસ જુદા જુદા ફળો અને મીઠાઈની પણ વ્યવસ્થા કરી લીધી છે. તો સેકટરમાં નવરાત્રી ચોક પણ ઝળઝળતા બનાવવા વિવિધ રોશનીઓની વ્યવસ્થા થઈ છે અને ખેલૈયાઓએ પણ ગરબે ઘુમવા વિવિધ પરિધાન ખરીદી લીધા છે. આમ માતાજીના આ પર્વની દિવ્યતા ખીલી ઉઠે અને માતાજીની અસીમ કૃપા સદાય બની રહે તેવા પ્રયાસો શ્રધ્ધાળુઓ દ્વારા હરખભેર આરંભાયા છે.

### @ગાંધીનગર

● સે-૨૭ રંગમંચ ખાતે પિતૃ તર્પણ તેમજ વિષ્ણુ સહસ્ત્ર પાઠ અને પૂજા સવારે ૭ થી ૯ કલાક દરમિયાન પિતૃઓના મોક્ષાર્થે કાર્યક્રમ યોજાશે.

● સરગમ કલ્ચરલ ગૃપ દ્વારા હાસ્ય દરબાર અને સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે કરાશે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા બપોરે ૧.૦૦ કલાકે મળશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો મધુબેન કિશોરભાઈ કડીકરના કંઠે સે-૩-બી પ્લોટ નં. ૨૮૯/૧, કૈલાસનગર સોસાયટી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

### વાતવાતમાં

● નવરાત્રિના આગમન સાથે જ શેરી ગરબા સહિતના આયોજકોએ વિજળીની 'એક્સ્ટ્રા' ડિમાન્ડ માટે વિજ કંપનીમાં સોગંધનામુ રજૂ કરવાનું હોય છે. આ એફિડેવિટ કરવા આયોજકો કોર્ટસંકુલમાં ભીડ જમાવતા જોવા મળી રહ્યા છે.

● નવરાત્રિમાં શેરી ગરબાના આયોજકોએ પણ તેમના ચોક સજાવવાનું કાર્ય આખરી તબક્કામાં પહોંચાડી દીધું છે. આ સાથે બાળકો પણ ગબ્બર બનાવવાની પ્રક્રિયા વેગવંતી બનાવતા જોવા મળી રહ્યા છે.

● શહેરમાં વાઈફાઈ કનેકિટવટી માટેના ધાંધિયા અનુભવાઈ રહ્યા છે. નવરાત્રિના સમયે રાત્રે વાઈફાઈ પકડાશે કે કેમ તેબાબતની ચર્ચાઓ ચાની કિટલીઓ તથા પાનના ગલ્લે ચર્ચાઈ રહી છે.

## અખિલ ભારતીય સામાજીક સંઘ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

અખિલ ભારતીય સમાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૩-૯-૨૦૧૭ને શનિવારના રોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક સુધી સે-૧૨ બલરામ ભવન ખાતે ગરબા રાખેલ છે. આ પ્રસંગે બહેનો માટે લકી ડ્રો પણ રાખેલ છે તો નગરની સર્વે બહેનોને આ પ્રસંગે પધારવા ભાવભર્યુ આમંત્રણ છે તેમ સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ જણાવ્યું છે.

## અરવિંદ કેન્દ્રમાં નવરાત્રિ દરમિયાન 'મા'નું વાંચન

ગાંધીનગર, તા.૧૯

શ્રી અરવિંદ કેન્દ્રમાં નવરાત્રિ દરમિયાન શ્રી અરવિંદ રચિત 'મા' પુસ્તકનું વાચંન થશે. સાંજે ૬ થી ૭ કલાકમાં વાંચન થશે. રસ ધરાવતાઓએ હાજર રહેવા જણાવાયું છે. વધુ માહિતી માટે મો. ૯૮૭૯૨૬૫૫૫૩ પર ડૉ. સી.કે. તન્નાનો સંપર્ક સાધવો.

### ચિરવિદાય

- સ્વ. મયા મધુબેન રાવજીભાઈ, ઉ.વ. ૫
- સ્વ. રમીલાબેન વિરમભાઈ ભંગી, ઉ.વ. ૩૫
- સ્વ. જયેશરાજ રામદાસ કોળી, ઉ.વ. ૪૭
- સ્વ. દિનેશભાઈ કેતનભાઈ ચાવડા, ઉ.વ. ૫૦
- સ્વ. પરમાર રણજીતસિંહ ઉદેસિંહ, ઉ.વ. ૬૫
- સ્વ. ઠાકોર શકરીબેન જોઈતાભાઈ, ઉ.વ. ૭૦